# વેબસાઈટ સંપાદકીય ટીમ તરફથી...

પ્રિય જ્ઞાતિ પરિવાર આપ્તજનો

આપણી મોઢ ચાતુર્વેદિય ચુંથા સમવાય બ્રાહ્મણ જ્ઞાતિ ની આ વેબસાઈટ નો શુભારંભ થઈ રહ્યો છે તે ખૂબ જ આનંદની વાત છે.

આપણા આ પ્રયાસ ના બે મુખ્ય ઉદ્દેશો છે:

- સ્થળ, ભાષા કે આપણી ઉંમર/પેઢી ના અંતરને દૂર કરીને આપણા તમામ જ્ઞાતિજનોને સાથે લાવવા.
- આપણી જ્ઞાતિ ના વર્તમાન ની અને ભૂતકાળ ની, તમામ મહત્વપૂર્ણ અને ઉપયોગી માહિતી માટે એક સરળ, સહિયારું સાધન બનાવવું.

આપણી જ્ઞાતિ ના કોઈપણ ભાઈ, બહેન અથવા કુટુંબ આપણી આ વેબસાઈટ નો પોતાના પ્લેટફોર્મ તરીકે નિસંકોચ ઉપયોગ કરી શકે છે: તમે નવા સવાલ પૂછી શકો છો, અહીં પ્રકાશિત થયેલ લખાણ માટે તમે તમારા અભિપ્રાય આપી શકો છો, તમારા પોતાના વિચારો પ્રકાશિત કરી શકો છો અથવા કોઈપણ વસ્તુ કે સેવા વિશે જાહેરાત કરી શકો છો.

મુંબઈ, ભાવનગર, સુરત, અમદાવાદ અને અન્ય સ્થળો ના આપણા વિવિધ મંડળો અહીં સ્થાનિક પરિપત્રો અથવા સંદેશા મૂકવા માટે 'નોટિસ બોર્ડ' વિભાગનો ઉપયોગ કરી શકે છે જેથી આપણા કોઈપણ જ્ઞાતિજન તે ગમે ત્યાંથી, ગમે ત્યારે જોઈ શકે.

અમે આપ સૌ ના સક્રિય સહયોગ અને પ્રતિભાવ ની રાહ જોઈ રહ્યા છીએ. તમે 'આ વેબસાઇટ વિશે' વિભાગ દ્વારા તમારા સૂચનો અથવા કોઈપણ પ્રશ્નો પૂછી શકો છો અને અમે બને તેટલી ઝડપથી જવાબ આપવાનો પ્રયત્ન કરીશું.

આ વેબસાઈટના શુભારંભ સાથે આપણી એક નવી, લાંબી અને ફળદાયી યાત્રા ની આશા રાખી, આ પ્રથમ પગલું માંડી રહ્યા છીએ અને તે માટે અમે તમારા સૌ ના આશીર્વાદ માગીએ છીએ.

આપ સૌ ના આભાર અને શુભેચ્છાઓ સાથે

મોઢ ચાતુર્વેદિય ચુંથા સમવાય વેબસાઇટ ટીમ.

વિજયા દશમી, 15 Oct 2021